Acknowledgement

## નિવેદન

ગઝલ વારસામાં મળી. ઉચ્ચ અભ્યાસના અનુષંગે તેની સમજ ઉત્તરોત્તર વિકસતી ગઇ. ગઝલ-સર્જન નિમિત્તે ગઝલ વિશે વિચારવાનું થયું. મનમાં થોડાંક પ્રશ્નો ઉપસ્થિત થયા - સ્વરૂપલક્ષી, આકારલક્ષી અને સૌંદર્યલક્ષી. એ સંદર્ભમાં ગુજરાતી ગઝલના ઉદ્‌ભવ, વિકાસ અને સ્વરૂપ ઉપર મહાનિબંધ લખવાનું વિચાર્યું. પરંતુ માનનીય સિતાંશુભાઇએ ગઝલનું સૌંદર્યશાસ્ત્ર લખવાનું Positive સૂચન કર્યું. પરિણામે આ મહાનિબંધ - '' ૧૯૪૨ પછીની ગુજરાતી ગઝલની સૌંદર્યમીમાંસા ''. (આંગળી ચીંધ્યાનું પુણ્ય)

મારા માર્ગદર્શક ડો.લવકુમાર દેસાઇના સ્નેહ, સૌહાર્દ અને માર્ગદર્શને મારા કાર્યને સરળ બનાવ્યું. તો પ્રા. હર્ષદ ત્રિવેદી 'પ્રાસન્નેય' નું દિશાસૂચન પણ મને ઉપયોગી નીવડયું. મારા કવિમિત્રો પ્રા.સતીશ ડણાક અને ડો.ગોપાલશાસ્ત્રીના સહયોગની સહર્ષ નોંધ લઉં છું.

કેટલાક અપ્રાપ્ય પુસ્તકો જીર્ણ દશામાં હોવાથી, બાઇન્ડીંગ કરાવેલા પુસ્તકોમાં આરંભના પૃષ્ઠો ન હોવાથી, કેટલાક પુસ્તકોના આખા ને આખા પાના આપણા જ્ઞાનપિપાસુઓ ફાડી ગયા હોવાથી, બે-પાંચ સંદર્ભગ્રંથોની શાસ્ત્રીય સૂચિ હું મૂકી શકયો નથી તે માટે ક્ષમાયાચના. પૂરતી ચીવટ રાખવા છતાં ગુજરાતી ટાઇપ મશીનની મર્યાદાઓને કારણે જોડણી દોષો જણાય તો દરગુજર કરશો.

વડોદરા. - રશીદ મીર

તા. ૫-૮-૯૯